### ખેડબ્રહ્મા તાલુકાના પાટડીયા વર્ગ-૨ના

# ગુલ્લીબાજ શિક્ષકોને તાલુકા શિક્ષણ અધિકારીની નોટીસ

**જીલ્લા શિક્ષણ અધિકારીની નોટીસનો ખુલાસો થયો નથી ત્યારે આજરોજ બીજા પાંચ લેટ શિક્ષકો ઝડપાયા : શાળા ૧૧ વાગે બંધ હોઇ અને શિક્ષકો મોડા આવવા બાબતે ૨ દિવસમાં ખુલાસો માંગ્યો**

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્મા તાલુકા અને પોશીનાની અંતરિયાળ વિસ્તારમાં ઓનલાઈન હાજરી ન ભરતા ગુલ્લીબાજ શિક્ષકો અને શાળાઓને ડીપીઓએ નોટિસ ફટકાર્યાના ૧૦ દિવસ થયા છે, ત્યાં ખેડબ્રહ્મા તાલુકાની પાટડીયા વર્ગ ૨ શાળામાં ગુરુવારના રોજ સવારે ૧૧ કલાકે શાળા ખુલી ના હતી અને બાળકો કમ્પાઉન્ડમાં ફરતા જોવા મળ્યા હતા.

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણનું સ્તર ઊંચું લાવવા અનેક કાર્યક્રમો હાથ ધરે છે પણ ખેડબ્રહ્મા તાલુકામાં લાંબા અંતરથી અપડાઉન કરતા શિક્ષકોમાં કોઈ જ અસર જણાતી હોઈ તેવું લાગતું નથી અને લાંબા અંતરેથી અપડાઉન કરતા મોટાભાગના શિક્ષકો શાળામાં સમયસર આવતા ના હોવાની પણ બુમ ઊઠવા પામી છે.

સરકાર દ્વારા શાળાઓમાં ભૂતિયા વિદ્યાર્થીઓની માયાજાળ અને અનિયમિત અને ગુલ્લીબાજ શિક્ષકો પર નજર રાખવા અને કથળતા પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવા માટે તમામ પ્રાથમિક શાળાઓમાં બાળકો અને શિક્ષકોની ઓનલાઈન હાજરી શરૂ કરવામાં આવી છે.

શિક્ષકો બહાનું બનાવે છે કે અંતરીયાળ વિસ્તારમાં કવરેજ ન હોઈ હાજરી પૂરતી નથી પરંતુ આ શિક્ષકોના મોબાઈલ ડેટા ચેક કરવામાં આવે તો મોટાભાગે ઓનલાઈન જોવા મળી રહે છે. ફકત હાજરી પુરાવા માટે જ કવરેજ ન આવતું હોવાનું માલુમ પડી રહ્યું છે.

ખેડબ્રહ્મા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ પાટડીયા વર્ગ શાળામાં ૮+૧ કુલ ૯ના મહેકમમાં માલવાણીયા નટવરભાઈ, દરજી નરેશભાઈ ભોગીલાલ, ડામોર રમીલાબેન લાલજીભાઈ, પરમાર યોગેન્દ્રકુમાર મફાભાઈ, પરમાર નીલમબેન રમેશભાઈને શાળામાં અનિયમિતતા અને ફરજ પર બેદરકારી સામે શિક્ષણાત્મક કાર્યવાહી કેમ ન કરવી તેની બે દિવસમા ખુલાસો માંગવામાં આવ્યો છે. આ નોટીશ તાલુકાના અધિકારી મનહરલાલ પટેલ દ્વારા રુબરુ બજાવવામાં આવી હોય તેવુ જણાવ્યું હતુ.

# આચાર્યએ વિદ્યાર્થીને માર મારતા ખળભળાટ

**કાંકરેજ તાલુકાના ખીમાના હાઈસ્કૂલની ઘટનાથી શિક્ષણ જગતમાં ખળભળાટ**





કાંકરેજ, તા. ૧૩

શેઠ શ્રી એમ. ડી.ભારતીય વિદ્યાલય ખીમાનાના ધોરણ અગિયારમા ભણતા વિદ્યાર્થીને આચાર્ય એ ઢોર માર માર્યો. વિધાર્થી પોતાના વાલી સાથે શિહોરી પોલીસ સ્ટેશનમાં જઈ યોગ્ય કાર્યવાહી માટે માંગણી કરતાં શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચી જવા પામ્યો. દેસાઈ અક્ષયકુમાર કાનાભાઈ રહે. ખીમાના તાલુકો કાંકરેજવાળાએ શિહોરી રેફરલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા માટે તૈયારી બતાવી માર મારનાર શાળાના આચાર્ય પ્રધાનજી રાઠોડે માર માર્યો હોવાનું વિદ્યાર્થી અક્ષય દેસાઈએ કબુલાત કરી ઓફીસની બહાર આવી ધોકા વડે માર માર્યો. કુલા ઉપર અને પીઠ પાછળ ધોકા વડે ઢોર માર મારી અધમુવો કરેલ વિદ્યાર્થી અંતે શિહોરી પોલીસ શરણે ન્યાય માટે ગયો હતો. ફરિયાદ દાખલ કરવા માટે શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવાનું ચાલુ છે અને ખીમાના હાઈસ્કુલ ના ટ્રસ્ટીઓ દ્વારા સમાધાન માટે દેસાઈ સમાજના આગેવાનોને ફોનની રિંગો રણકી ઉઠી હતી પણ અરજદારે મચક આપી નહોતી, ત્યારે જોવું એ રહ્યું કે આખરે આચાર્ય પ્રધાનજી રાઠોડ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ ? અને જો કાર્યવાહી કરવામાં આવશે તો આખરે રાજકીય નેતાઓ ભાગ ભજવે છે કે કેમ ? આવા સંજોગોમાં શિક્ષણ અને શિસ્ત ઉપર અનેક પ્રકારના સવાલ જવાબ ઉઠવા પામ્યા છે અને અગાઉ પણ આજ હાઈસ્કુલના એક વિદ્યાર્થીને દિયોદર પોલીસે માર મારવામાં આવ્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો ત્યારે આજે ફરીથી ખુદ શાળાના આચાર્ય દ્વારા એક અગિયારમા ધોરણમાં ભણતા વિદ્યાર્થી અક્ષયકુમાર કાનાભાઈ દેસાઈને ઢોર માર માર્યો હોવાનું બહાર આવ્યું હતું. એટલે શિહોરી પોલીસ સ્ટેશનમાં વાલી અને વિદ્યાર્થીએ ફરીયાદ નોંધાવવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

### મોડાસાની આદર્શ ક્રેડિટ કો.ઓ સોસાયટીમાં અરવલ્લી જીલ્લાના

# થાપણદારોના અંદાજે ૧૮ કરોડ રૂપિયા દાવ પર લાગ્યા

મોડાસા, તા. ૧૩

આદર્શ ક્રેડિટ કો.ઓ સોસાયટીનું અબજોનું લોન કૌભાંડ બહાર આવતા મોડાસાની બ્રાન્ચમાં ગ્રાહકો રૂપિયા પરત મેળવા ઉમટ્યા હતા. ગ્રાહકોને તેમની થાપણો સામે અડધા રૂપિયાનું એનીએફટી કરવામાં આવતું હોવાનું બ્રાન્ચ પરના કર્મચારીઓએ જણાવ્યું હતું. જીલ્લામાં લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે તેમ વધારે વ્યાજ મેળવવાના ચક્કરમાં અનેક એજન્ટો મારફતે ૧૮ કરોડ જેટલી માતબર રકમ મોડાસાની આદર્શ ક્રેડિટ કો.ઓ.માં થાપણ તરીકે મૂકી હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. થાપણદારોએ માથે ઓઢી રોવાનો વારો તો નહિ આવે ને ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. બીજીબાજુ એજન્ટો સબસલામત હોવાનું અને રાજકીય કિન્નાખોરીનો આદર્શ ક્રેડિટ કો.ઓ.સોસાયટી ભોગ બની હોવાનું જણાવી વિશ્વાસ સંપાદન કરી ગ્રાહકોના રોષને ઠંડો પીડી રહ્યા છે.

ગુજરાત રાજ્યમાં અનેક ઠગ ક્રેડિટ સોસાયટીઓ અને કંપનીઓની કાળી કરતૂતો બહાર આવી રહી છે. લોકોને રાષ્ટ્રીયકૃત બેંકો કરતા વધુ વ્યાજ આપવાની લાલચ અને એકના ડબલ કરવાની લાલચ આપી લૂંટી રહ્યા છે. પર્લ્સ, એચવીએન અને અર્બુદા ક્રેડિટ સોસાયટીનું કરોડો રૂપિયાના ઉઠમણાં બાદ ગુજરાત અમદાવાદ ઉપરાંત રાજસ્થાન સહીત દેશના ઘણા વિસ્તારોમાં અસ્તિત્વ ધરાવતી આદર્શ ક્રેડિટ કોઓપરેટીવ સોસાયટીના સ્થાપક મુકેશ મોદીએ ડમી ડિપોઝિટર્સના નામ દર્શાવી બિનહિસાબી આવકની ડિપોઝિટ તરીકે મુકાવી ક્રેડિટ સોસાયટીના ખોટા ચોપડા ઉભા કરી, ડિપોઝિટર્સને લોન લેનાર તરીકે ખપાવી, કંપનીઓને થનારી આવકના અંદાજના આધારે સ્થાપકે અને સાથી ગ્રુપોને રૂ. ૮૬૧૩નું કરોડનું ધિરાણ આપી તેમજ નજીવી શેરમૂડીથી એકજ સરનામું વાપરી કાગળ પર અનેક કંપનીઓ ઉભી કરી અબજો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવતા કેન્દ્ર સરકારના સેન્ટ્રલ રજિસ્ટ્રારના આદેશ બાદ તપાસ સીઆઈડી ક્રાઈમે તપાસનો ધમધમાટ શરુ કરતા અને લોભામણી સ્કીમોની લાલચમાં




ફસાઈ ફિક્સ ડિપોઝિટો મુકનાર લોકોએ પુરાવા સાથે હાજર રહેવાનું જણાવતા થાપણદારોના રૂપિયા ડૂબી જવાનો ભય પેદા થતા ભારે ચકચાર મચી છે. આદર્શ ક્રેડિટ કોઓપરેટીવ સોસાયટી દ્વારા કરવામાં આવેલા ખોટા ધિરાણોના કારણે ૨૧ લાખ જેટલા થાપણદારોની રૂ.૯૪૭૪ કરોડની થાપણો ખતરામાં મુકવાની સંભાવના સાથે મુદ્દલ અને વ્યાજ મળી ક્રેડિટ સોસાયટીએ રૂ.૧૨૪૩૩ કરોડોની વસૂલી બાકી હોવાની સાથે ક્રેડિટ સોસાયટીએ રૂ. ૯૨૩૮ કરોડની નોન પરર્ફોમિંગ એસેટ્સ ચોપડે દર્શાવી નથી તેને માત્ર બાકી લેના તરીકે વર્ષોથી ચોપડે બતાવવામાં આવી રહી છે તેની સામે સિક્યોરિટી તરીકે ફકત ૬૧૨ કરોડની મિલકતોજ લેવામાં આવી હોવાથી ૨૧ લાખ જેટલા થાપણદારોના રૂપિયા ખતરો પેદા થયો છે. આ ગ્રુપ સાથે સાંકળાયેલી વ્યક્તિઓ ડમી ડિરેક્ટર્સને માત્ર કાગળ પર અસ્તિત્વ ધરાવતી કંપનીઓને, અસોસિએટ્સ કંપનીઓને અને પેઢી ધારકોને લોન આપવાના નામે આડેધડ ધિરાણ આપવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે. આદર્શ ક્રેડિટ કોઓપરેટીવ સોસાયટીના ચોપડે દર્શાવવામાં આવેલ ડીપોઝીટર્સ બોગસ કે ડમી હોવાનું તપાસમાં બહાર આવતા થોડા મહિના પહેલા સોસાયટીના સ્થાપક મુકેશ મોદી સામે કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના અગાઉ આક્ષેપ થયા હતા ક્રેડિટ સોસાયટીના સ્થાપક મોદી દ્વારા માત્ર કાગળ પર અસ્તિત્વ ધરાવતી અને એકજ સરનામું આપી ઉભી કરેલી ૧૮૦ કંપનીઓને ભવિષ્યમાં થનારી રોકડની આવકના અંદાજના આધારે ધિરાણ આપી દેવામાં આવ્યું છે. લોન લેનાર કંપનીઓના સરનામે જઈ તપાસ કરતા કંપનીઓ મોજુદ ન હોવાનું બહાર આવ્યું છે. ક્રેડિટ સોસાયટી પાસે લોન લેનારાઓને ધિરાણની રકમ બીજા કામકાજ માટે ડાયવર્ટ કરી દઈને કૌભાંડ આચર્યું હોવાનું કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા જુલાઈ મહિનામાં આપવામાં આવેલા નોટિસમાં જણાવ્યું હતું.

સમગ્ર કૌભાંડ રિયલ એસ્ટેટમાં ઈન્વેસ્ટ કરવા માટેની લોન તરીકે કે પછી કમિશનની આવક તરીકે રૂ.૧૦૦૦૦થી વધુ રકમ આપવામાં આવી છે. લોન લેનાર મોટા ભાગના ગ્રુપો મુકેશ મોદીના સંબંધીઓ અને પરિવારજનોના સભ્યોના અંકુશ હેઠળ હોવાનું અને જેમાં ૧૩૨ લોકોને ૮૬૧૩ કરોડનું ધિરાણ આપી મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની માહિતી આધારભૂત સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા અરવલ્લી જીલ્લામાં પ્રથમ પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા તા. ૧૨-૧૨-૨૦૧૮ના રોજ જુના ઉંટરડા, તા. બાયડ જિ. અરવલ્લી મુકામે વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં પશુપાલક બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન. એચ. કેલાવાલા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ.પી. એચ. વાટલીયા, સહસંશોધન નિયામક ડૉ. આર. જી. શાહ, પ્રોજેક્ટ ઓફિસર ડૉ. પી. પી. પટેલ તથા કામધેનુ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલપતિ ડૉ. એન. એચ. કેલાવાલાએ મહિલાઓને વૈજ્ઞાનિક પશુપાલનનું આર્થિક મહત્વ અને સ્વરછ દૂધ ઉત્પાદન ઉપર ભાર મુક્યો હતો. વધુમાં તેમણે આપણી ગીર ગાય અને બ્રાઝિલની ગીર ગાય વચ્ચેના દૂધ ઉત્પાદનનો તફાવત સમજાવ્યો હતો. ડૉ. પી. એચ. વાટલિયાએ ગુજરાત રાજ્યના વિકાસમાં ડેરી ઉદ્યોગ અને સહકારી માળખાની મહત્તા સમજાવી હતી. ગુજરાતના ડેરી વિકાસમાં પશુપાલનનું મહત્વ શું છે તે વિશે તથા આધુનિક પશુપાલન ક્ષેત્રે એક્સ-રે, સોનોગ્રાફી અને લેબોરેટરી દ્વારા રોગનું નિદાનનાં મહત્વ વિશેની માહિતી આપી હતી. અને પશુપાલન વ્યવસાયમાં આધુનિકતા અપનાવવાની સલાહ આપી હતી.




આ કાર્યક્રમમાં નવી વાસણી, લીમ્બ અને જુના ઉંટરડા ગામનાં પશુપાલક મહિલાઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો અને તેમના સઘળા પ્રશ્નોનું વૈજ્ઞાનિકો દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું.

# કડીમાં ૨૦.૫૦ લાખની લૂંટ

મહેસાણા, તા. ૧૩

મહેસાણા જીલ્લામાં એકજ અઠવાડિયામાં બીજી લૂંટની ઘટના બની છે. હજુ એસટી બસ હાઈજેક અને લૂંટના આરોપી પોલીસ પકડવામાં નિષ્ફળ રહી છે ત્યાં કડીમાં વધુ એક લૂંટની ઘટના બની છે. કડીમાં ગઈ કાલે મૂળ મધ્યપ્રદેશના ત્રણ વેપારી કપાસનું વેચાણ કરવા આવ્યા હતા. આ પરપ્રાંતીય વેપારી ભવ્ય બ્રોકેર્સની પેઢી ઉપર કપાસ વેચી તેના રૂપિયા ૨૦ લાખ પર હજાર લઈ ગાડીમાં પોતાના વતન તરફ જતા હતા ત્યારે કડી પાસે નર્મદાની કેનાલ પાસે ચાર બુકાનીધારી બાઈક ઉપર આવેલ આઠ જેટલા લુટારુઓએ આ નાણા લૂંટી કરીને ફરાર થઈ ગયા હતા. પોલીસે આ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે,

જ્યારે આ મામલે સંજય શાહ બ્રોકેર્સ કડીએ પોલીસ મથકમાં ફરિયાદ આપી સાંજના સમય લૂંટની ઘટના બનતા કડી પોલીસને જાણ કરતા કડી પોલીસે નાકાબંધી કરી હતી પરંતુ લુટારુ ફરાર થવામાં સફળ થયા હતા. તો બીજી તરફ મહેસાણા પોલીસને ઘટનાની જાણ થતા મહેસાણા જીલ્લા પોલીસ વડા સહીતનો પોલીસ કાફલો ઘટનાસ્થળ પર દોડી આવ્યો હતો અને ભોગ બનનાર વેપારીની ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે. તેમ નિલેશ જાજડીયા મહેસાણા જીલ્લા પોલીસ વડાએ જણાવ્યું છે. મહેસાણા પોલીસી સમગ્ર જીલ્લામાં નાકાબંધી કરી લુટારુને ઝડપવા પોલીસે ટીમો બનાવી છે.

### બાયડના ધારાસભ્યએ ૪૦ લાખ રૂપિયા વાત્રક ડેમમાં

# માછીમારીનો ધંધો કરનાર કોન્ટ્રાકટર પાસે ખંડણી માંગી હોવાની લેખિત ફરિયાદ

બાયડ, તા. ૧૩

અરવલ્લી જીલ્લામાં ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષમાંથી બાયડ-માલપુર વિધાનસભા બેઠક પરથી ચૂંટાઈ આવેલા અને ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ હડિયોલના હસમુખ ભાઈ મગનભાઈ પટેલ પાસેથી વાત્રક ડેમમાંથી માછીમારીનો ધંધો શાંતિથી કરવા રૂ. ૪૦ લાખની ખંડણી માંગી હોવાની હિંમતનગર પોલીસમાં લેખિત ફરિયાદ અને ઓડિયો રેર્કોડિંગ આપતાં ખળભળાટ મચી ગયો છે. સતત ગરીબોના હક્ક માટે તેમના મત વિસ્તારોના પ્રાણ પ્રશ્નો માટે સરકાર સામે લડત આપતા ધારાસભ્ય ધવલસિંહ ઝાલા સામે ફરિયાદ થતા કોંગ્રેસ બેકફૂટ પર આવી ગયું છે. રાજ્ય સરકાર અને જીલ્લાના અધિકારીઓ અને કર્મચારીઓ પર સતત ભ્રષ્ટાચારનો આરોપ લગાવનાર ધારાસભ્ય પર અધધ રૂ.૪૦ લાખની ખંડણી માંગી હોવાની ફરિયાદના પગલે જીલ્લાના રાજકારણમાં ભારે ચકચાર મચી છે તેમના મત વિસ્તારના પ્રજાજનો આઘાતમાં સરી પડ્યા છે.

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના હડીયોલ ગામના હસમુખભાઈ મગનભાઈ પટેલે બાયડ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા વિરુદ્ધ રૂ. ૪૦ લાખની ખંડણી માંગી હોવાની કરેલ લેખિત ફરિયાદની વિગત એવી છે કે હસમુખભાઈ પટેલ ફીશરીઝનો ધંધો કરે છે અને વર્ષ ૨૦૧૭ની સાલમાં વાત્રક ડેમનુ ટેન્ડર ભરતા સૌથી ઉંચુ ટેન્ડર હોઈ તેમને ઈજારો સોંપવામાં આવ્યો હતો અને તેઓ કામ ચલાવતા હતા. બાયડ-માલપુર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ ગામ લોકોને ઉશ્કેરીને કામ બંધ કરાવી દીધેલ અને તમારે શાંતિથી કામ કરવુ હોય તો અમોને સાચવવા પડશે તેમ કહી સાચવવાના ભાગરૂપે રૂ. ૪૦ લાખની ખંડણી માગી હોવાના ગંભીર આક્ષેપ સાથે હસમુખ મગન પટેલે ધારાસભ્યએ રૂ.૪૦ લાખની કરેલ માગણીવાળુ કથિત ઓડીયો રેકોર્ડીંગ પણ એ ડિવિઝન પોલીસને ફરિયાદની સાથે સોંપતા ખળભળાટ



મચી જવા પામ્યો છે. ઓડીયો ક્લીપની સત્યાર્થતા એફએસએલ દ્વારા પ્રસ્થાપિત થશે જે દૂરની વાત છે. ધારાસભ્ય વિરુદ્ધ ખંડણી માંગવાના થયેલ આક્ષેપને પગલે બંને જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા સાથે રૂ.૪૦ લાખની ખંડણી માંગી હોવા અંગે ટેલિફોનિક પુછરપછ કરતા ધારાસભ્યે જણાવ્યું હતું કે તમામ આક્ષેપ પાયા વિહોણા હોવાની સાથે ધારાસભ્ય તરીકે વર્ષે દહાડે મળતો લાખ્ખો રૂપિયાનો પગાર પણ હું લેતો નથી મને બદનામ કરવાનું ષડ્યંત્ર છે તેનું ટેન્ડર રદ થતા અને સ્થાનિક મંડળીના ગરીબ રોજમદારોને રોજગારી મળે તે માટે હું પ્રયાસો કરી રહ્યો હોવાની અદાવત રાખી ફરિયાદ કરનાર શખ્સ ખોટી ફરિયાદ કરવા ટેવાયલો હોવાથી અગાઉ પણ તેને એક અધિકારી વિરુદ્ધ ફરિયાદ કરી હતી ગરીબોના ન્યાય માટે વારંવાર સંકલનની મિટિંગમાં પણ આ અંગે રજુઆત કરી હોવાની સાથે પ્રજાજનોને સાથે રાખી જનતા રેડ કરી ગેરકાયદેસર રીતે મચ્છીનું વહન કરતા કોન્ટ્રાક્ટરના ટ્રેક્ટર પણ માલપુર નજીકથી પકડી પોલીસને સોંપતા ખોટી ફરિયાદ કરી હોવાનું અને ઓડિયોમાં મારો અવાજ નથી હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

ફરિયાદી હસમુખ ભાઈ પટેલ સાથે ટેલિફોનિક પૂછપરછ કરતા જણાવ્યું હતું કે મારી પાસે વિડિઓ રેર્કોડિંગ પણ ઉપલબદ્ધ છે. પુરાવા તરીકે જરૂર પડે સક્ષમ અધિકારીને આપીશ રેર્કોડિંગ કેટલું સમય પહેલાનું છે તે અંગે જણાવ્યું હતું કે ૬ મહિના પહેલાનું છે ત્યારે અમદાવાદ એસીબીમાં ઓડિયો રેર્કોડિંગ સાથે ફરિયાદ કરી હતી, ત્યાર બાદ મારે ત્રણ મહિના હોસ્પિટલાઈઝેશન હતો અને વિદેશ જવાનું થયું હોવાથી ફરીથી આ અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને સુરેન્દ્રનગરના ધારાસભ્ય ધનજી પટેલ મારફતે રૂબરૂ મળી રજુઆત કરતા એસીબીના મુખ્યધિકારી કેશવકુમારને ફરિયાદીને સાંભળવા જણાવતા ગાંધીનગર એસીબીમાં જવાનું જણાવતા ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ માંગેલ રૂ.૪૦ લાખનો ઓડિયો નવો આપતા ગાંધીનગર એસીબીએ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા કોઈપણ કમિટી કે સમિતિના સભ્ય ન હોવાથી આ કેસ તેમનો બનતો ન હોવાનું જણાવતા ન્યાય મેળવવા બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા વિરુદ્ધ હિંમતનગર એ-ડિવિઝનમાં લેખિત ફરિયાદ આપી હોવાનું જણાવ્યું હતું.

# મોડાસામાં જેસીઆઈ ટીમે બ્લડ ડોનેશન કેમ્પમાં ૭૪ બોટલ રક્ત એકત્રિત કરાયું



મોડાસા, તા. ૧૩

રક્તદાન એટલે મહાદાન યુક્તિ યથાર્થ કરતા મોડાસા જે.સી.આઈ. ટીમ દ્વારા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને એચડીએફસી બેંકના સહયોગથી બ્રાન્ચની અંદર રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૪ રક્ત દાતાઓએ રક્તદાન કર્યું હતું. જેસીઆઇ અને એચડીએફસી દ્વારા રક્તદાતાઓને સન્માનિત કર્યા હતા. જેસીઆઈ પ્રમુખ અલ્પેશ પટેલ દ્વારા સતત બીજીવાર રક્તદાન કેમ્પનું સફળ આયોજન કર્યું હતું. જેસીઝ મિલ્ક કમિટીના ચેરમેન નવનીત પરીખ, ટ્રસ્ટી સુરેન્દ્રભાઈ શાહ, નિલેશ જોશી, હિંમતનગર રેડક્રોસ સોસાયટી મંત્રી ભરત શાહ ઉપસ્થિત રહ્યા હતા. રક્તદાન શિબિરને સફળ બનાવવા એચડીએફસી બેંકના મેનેજર ગિરીશ સોમાણી અને યુનિટ હેડ પરેશ જોશીઅ ભારે જહેમત ઉઠાવી હતી. રક્તદાન શિબિરમાં એકત્રિત કરાયેલ ૭૪ બોટલ બ્લડ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મફત પુરૂ પડાશે.

# માલપુર તાલુકાના ડોડીયા ગામે જીપીડીપી અંતર્ગત ગ્રામસભા યોજાઈ



મોડાસા, તા. ૧૩

મારૂ ગામ... મારૂ આયોજન અંતર્ગત ડોડીયા પંચાયત દ્વારા સરપંચ નાનાભાઈ ડી.વાળંદની અધ્યક્ષતામાં ગ્રામસભા યોજવામાં આવી. જેમાં ડોડીયા પંચાયત વિસ્તારના ગ્રામજનો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા. આ ગ્રામસભામાં રિલાયન્સ ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ ગામના વિકાસના કામનો નકશો આજની ગ્રામસભામાં રજુ કરવામાં આવ્યો હતો. ડોડીયા પંચાયત દ્વારા કરેલ ઈનોવેટિવ કામ અને કરવાના કામનો વિસ્તૃત રજુઆત ગ્રામજનો સમક્ષ ડોડીયાના ઈનોવેટિવ સરપંચ નાનાભાઈ ડી.વાળંદે કરી હતી.

ગામની માળખાગત અને બેઝીક જરૂરિયાતવાળા કામની ચર્ચા વિગતે કરવામાં આવી. ગ્રામજનો દ્વારા પંચાયત દ્વારા થઈ રહેલા ઈનોવેટિવ કામોની પ્રશંશા કરી હતી અને સરપંચ નાનાભાઈ ડી. વાળંદને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત ગ્રામજનો દ્વારા જ તૈયાર થયેલ ડેવલોપમેન્ટ પ્લાનને ગ્રામજનો સમક્ષ રિલાયન્સ ફાઉન્ડેશનના કોઓર્ડિનેટર ગિરિશભાઈ રાવળે રજુ કર્યો હતો જેને ગ્રામસભામાં ગ્રામજનોની સહમતી મળી હતી. આ ગ્રામસભામાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નિલેશભાઈ, ગ્રામસેવક ઈન્દુબેન પટેલ,ગીરીશભાઈ રાવળ હાજર રહ્યા હતા. સમગ્ર ગ્રામસભાનું સંચાલન તલાટી ધરમસીભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું.